પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૬, કુલ પાના:૪, તારીખ: ૨૧-૦૯-૨૦૨૦ સોમવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 26 PRICE :-RS. 1.50 DATE : 21-09-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### છેલ્લા ૨૪ કલાકમાં નવા કોરોના ૯૪૧૬૨ પોઝિટિવ કેસ, ૧૧૪૯ના મોત

## દેશમાં કોરોના સંક્રમિતોનો આંક ૫૪ લાખને પાર, મૃત્યુઆંક ૮૬,૭૫૨એ પહોંચ્યો

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના વાયરસના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. એક તરફ વિશ્વમાં કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત દેશોની યાદીમાં પહેલા સ્થાને અમેરિકામાં નવા કેસોની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. જ્યારે ભારતમાં રેકોર્ડતોડ કોરોના કેસો નોંધાઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી દૈનિક ૯૦ હજારથી વધુ કેસો નોંધાઈ રહ્યા છે. એકવાર ફરી ભારતમાં વિશ્વમાં સૌથી વધુ કેસો નોંધાયા છે.

કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે ભારતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના ૯૨,૬૦૫ નવા કેસ નોંધ્યા છે. આના પગલે કોરોનાના કેસનો આંકડો ૫૪ લાખ પાર થઈ ગયો છે.

તે બાબત નોંધનીય છે કે કોરોનાના આંકડામાં ભારત હવે બ્રાઝિલને પાછળ છોડીને બીજા નંબરે આવી ગયું છે. દિવસ દરમિયાન કોરોનાના લીધે ૧૧૩૩ મોત થયા હતા. આના



પગલે ભારતમાં કોરોનાના લીધે મૃત્યુ પામનારાઓની સંખ્યા ૮૬,૭૫૨ પર પહોંચી ગઈ છે. નોંધનીય વાત એ છે કે છેલ્લા કેટલાય દિવસોથી કોરોનાના લીધે મૃત્યુ પામનારાઓની સંખ્યા ૧,૦૦૦થી ઉપર રહી છે. ફક્ત પહેલી સપ્ટેમ્બરના રોજ જ આ આંકડો ૯૦૦થી નીચે રહ્યો હતો. જ્યારે ૧૬મી સપ્ટેમ્બરના રોજ પ્રતિ દિન ૧,૨૦૦નો આંકડો વટાવ્યો હતો.

જોકે થોડા દિવસ સુધી દેશમાં કોરોનાના પ્રતિ દિન આંકડા ૮૦,૦૦૦ની નીચે રહ્યા હતા, જો કે ૧૭મી સપ્ટેમ્બરમાં રોજ નોંધપાત્ર ઉછાળાના લીધે તેનો આંકડો ૯૭,૮૯૪ નોંધાયો છે.

કોરોનાના નોંધાયેલા કુલ ૫૪ લાખ કેસમાંથી કુલ ૪૩ લાખ લોકો સાજા થઈ ગયા છે. તેની સાથે એક્ટિવ કેસનો આંકડો પણ દસ લાખને વટાવી ગયો છે. આમ દેશનો રિકવરી રેટ ૭૯.૬૮ ટકા છે. વાસ્તવમાં રિકવરી રેટ ૨૭મી ઓગસ્ટ પછી થોડો ઘટ્યો છે, તેનું કારણ એક્ટિવ કેસમાં થયેલો વધારો છે. તે કેસોમાં થયેલા ઝડપી વધારાના લીધે ૭, ૧૦ અને ૧૧મી સપ્ટેમ્બરના રોજ પણ ઘટ્યો હતો.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યા મુજબ સમગ્ર દેશમાં અત્યાર સુધીમાં કુલ ૬.૩૭ કરોડ કોવિડ પરીક્ષણ થઈ ચૂક્યા છે. તેમા ૨૦મી સપ્ટેમ્બરના રોજકુલ ૧૨ લાખ સેમ્પલનું પરીક્ષણ થયુ હતુ, જે અત્યાર સુધીનું એક જ દિવસમાં સૌથી વધુ થયેલું પરીક્ષણ છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટ વ્યૂહરચનાના આધારે ભારતે તેની પ્રતિ દિન પરીક્ષણ ક્ષમતા દસ લાખ પર પહોંચાડી દીધી છે.

દેશમાં ૨૪ કલાકાં ૧,૧૩૩ લોકોના મોત થયા હતા. મહારાષ્ટ્રમાં ૪૨૫, કર્ણાટકમાં ૧૧૪, ઉત્તર પ્રદેશમાં ૮૪, તમિલનાડુમાં ૬૬, આંધ્ર પ્રદેશમાં ૫૮, પશ્ચિમ બંગાળમાં ૫૬ પંજાબમાં ૪૯, મધ્ય પ્રદેશમાં ૪૨, દિલ્હીમાં ૩૮ના મોત થયા હતા. આરોગ્ય મંત્રાલયના મતે કોરોનાથી ૭૦ ટકા લોકોના મૃત્યુ કોમોર્બિડિટી એટલે કે અન્ય બીમારી સાથે હોવાથી થયા છે.

## કોરોના સંકટ વચ્ચે આજથી ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર શરૂ થશે

ગાંધીનગર,

આજથી ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર શરૂ થવા જઈ રહ્યું છે. ૨૧ થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન ચોમાસુ સત્ર મળી રહ્યું છે. હાલ કોરોના મહામારી ચાલી રહી છે. નાયબ સચિવ એબી કરોવાએ જણાવ્યું કે, ગુજરાત વિધાનસભા શાસક પક્ષના સભાખંડમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવતી બેઠક વ્યવસ્થા એક ખુરશી છોડી બીજી ખુરશી પર બેસવાની વ્યવસ્થા કરાઈ છે. એક ખુરશી પર પટ્ટી લગાડવામાં આવશે. ખુરશી ખૂલે નહિ તે રીતે ફીક્સ કરવામાં આવી છે. ઉલ્લેખીય છે કે, ગઈકાલે કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળી હતી. ૫ દિવસના સત્રમાં ૨૦ બિલો પર ચર્ચાનો નિર્ણય કરાયો છે. હાલના સમયે કોરોના વિશ્વ વ્યાપી પ્રશ્ન છે, તેથી પ્રથમ દિવસે કોરોના બાબતે અઢી કલાક ચર્ચા થશે. ૨૦ બિલ અને સંકલ્પ વગેરે પર કામકાજ સલાહકાર સમિતિમાં નિર્ણય થયો છે. પવિત્ર યાત્રા ધામ અંબાજીમાં વધુ સ્વચ્છ અને નોટિફાઈડ બિલ પણ સત્ર દરમિયાન લાવવામાં આવશે.

**-: આ નિયમો પણ પાળવામાં આવશે :-**

- આ વખતે વિધાનસભામાં અલગ વ્યવસ્થા કરવામાં આવી છે.
- કુલ ૧૭૧ ધારાસભ્ય છે. જેમાથી ૯૨ ધારાસભ્ય નીચે હશે. તો ૭૯ ધારાસભ્યોને ગેલેરીમાં સ્થાન અપાશે.
- પહેલી વાર ચોમાસુ સત્રમાં કોઈ પણ મંત્રીના મુલાકાતીને પ્રવેશ નહિ અપાય.
- આ વખતે કોઈ પણ લોકો વિધાનસભા જોવા નહિ આવી શકે. એવા સંજોગોમાં મુલાકાતીઓને સ્પીકર ગેલેરી મનાઈ ફરમાવાઈ છે.
- ધારાસભ્યોના ડ્રાઈવર કે અન્ય કોઈ અંગત વ્યક્તિને પણ અંદર પ્રવેશ નહિ અપાય.
- ૨ અલગ અલગ દ્વારમા પ્રવેશ થઈ શકશે. અધિકારીઓ ધારાસભ્ય અને પત્રકારોને જ પ્રવેશ મળશે.
- વિધાનસભામાં અંદર ૨૫ પત્રકારો બેસી શકશે. પત્રકારો માટે અલગ વ્યવસ્થા કરી છે, જેની જવાબદારી માહિતી વિભાગને સોંપાઈ છે.




### સંસદમાં મોદી સરકારને મોટી સફળતા, બિલ પર રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ કાયદો બનશે

## ભારે ધાંધલ-ધમાલ વચ્ચે રાજ્યસભામાં કૃષિ સંબંધિત બિલ પાસ

ન્યુ દિલ્હી,

રાજ્યસભામાં ભારે હોબાળા વચ્ચે આજે કૃષિ બિલો પાસ કરવામાં આવ્યા છે. ખેતી-ખેડૂતો સાથે જોડાયેલા ત્રણ અગત્યના બિલ કૃષિ ઉપજ વેપાર અને વાણિજય (સંવર્ધન અને સરળીકરણ) બિલ, ૨૦૨૦ અને કૃષિ (સશક્તિકરણ અને સંરક્ષણ) કિંમત આશ્વાસન અને કૃષિ સેવા પર કરાર બિલ, ૨૦૨૦ રાજ્યસભામાં ધ્વનિ મતથી પાસ થઈ ગયા છે. રાષ્ટ્રપતિના હસ્તાક્ષર પછી તે કાયદો બની જશે. કૃષિ બિલ પસાર થયા બાદ રાજ્યસભાની કાર્યવાહીને આવતીકાલ એટલે કે



૨૧ સપ્ટેમ્બર સવારે ૯ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી.

બિલને લઈ વિપક્ષી પાર્ટીઓના નેતા વેલમાં આવીને નારેબાજી કરવા લાગ્યા અને ઉપ-સભાપતિની પાસે કાગળના ટુકડાઓ ઉછાળ્યા. આ દરમિયાન ઉપ-સભાપતિ પાસે ઉપસ્થિત માર્શલોએ તેમને રોક્યા તો હળવું ઘર્ષણ થયું. ઘર્ષણ દરમિયાન જ ઉપસભાપતિની સામેવાળું માઈક તૂટી ગયું.

ટીએમસી સાંસદ ડેરેક ઓ બ્રાયન સૂત્રોચ્ચાર કરતાં દેખાતા ઉપસભાપતિની વેલ સુધી આવી ગયા અને પછી ઉપસભાપતિ પાસેથી બિલ છીનવવાની કોશિષ કરી. આ દરમ્યાન માર્શલે વચ્ચે પડી બચાવ કર્યો તો ઉપસભાપતિની સામે મૂકેલું માઈક તૂટી ગયું. ત્યારબાદ ટીએમ સાંસદ ત્યાંથી સૂત્રોચ્ચાર કરતાં પાછળની તરફ આવી ગયા. હાલ હોબાળો વધતા ઉપસભાપતિએ રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરી દીધી. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયને કહ્યું કે આ 'લોકતંત્રની હત્યા' છે.

લોકસભા બાદ રાજ્યસભામાં પણ વિરોધપક્ષના સભ્યોએ આ ખરડાઓ સામે આજે ઉગ્રપણે વિરોધ વ્યક્ત કર્યો હતો અને સરકારની વિરુદ્ધમાં નારા લગાવ્યા હતા. ચર્ચા દરમિયાન તમામ વિરોધ પક્ષોના સભ્યોએ માગણી કરી હતી કે આ ખરડાઓને ફેરવિચારણા માટે ગૃહની સિલેક્ટ કમિટીને મોકલવા જોઈએ, પરંતુ સરકારે એમની માગણીઓ સ્વીકારી નહોતી. શાસક ભાજપે તેના તમામ સભ્યોને રાજ્યસભામાં હાજર રહેવાનો આદેશ જારી કર્યો હતો.

આ પહેલા કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમરે ખેતી સાથે જોડાયેલાં બે

(અનુ.પાના.નં.૨)


### કોરોનાની બગડતી પરિસ્થિતિ વિષય પર થશે ચર્ચા

## ૨૩ સપ્ટેમ્બરે ૭ રાજ્યોના મુખ્યમંત્રી સાથે વાત કરશે વડાપ્રધાન મોદી

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિત થનારા દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાઈ રહ્યો છે. દેશમાં કોરોનાથી સંક્રમિત દર્દીઓની સંખ્યા જ્યાં ૫૩ લાખના આંકડાને પાર કરી ગઈ છે. બીજી તરફ કોરોના મહામારીથી થનારા મોતનો આંકડો પણ ૮૫ હજારને પાર થઈ ગયો છે.

આ દરમિયાન કોવિડ-૧૯ની સ્થિતિ અંગે સમીક્ષ કરવા



માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ૭ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરવા જઈ રહ્યા છે.

વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ૨૩ સપ્ટેમ્બરે બેઠક યોજાશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોરોનાની બગડતી સ્થિતિને લઈ ઉત્તર પ્રદેશ, આંધ્ર પ્રદેશ અને મહારાષ્ટ્ર સહિત ૭ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરશે.

તેમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ સામેલ થશે. આ પહેલા પણ વડાપ્રધાન મોદી મહામારીની સ્થિતિ અંગે ચર્ચા માટે મુખ્યમંત્રીઓની સાથે અનેકવાર બેઠક કરી ચૂક્યા છે.

## સરકારે ૨ હજારની નોટની છાપણી નથી કરી બંધ: નાણા મંત્રાલય

ન્યુ દિલ્હી,

નાણાં મંત્રાલયે લોકસભામાં જણાવ્યું હતું કે, તેઓએ ૨૦૦૦ રૂપિયાની ચલણી નોટો છાપવાનું બંધ કરવાનો કોઈ નિર્ણય લીધો નથી. લેખિત જવાબમાં નાણાં રાજ્ય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે સરકારે કોઈપણ વસ્તુની ચલણી નોટ અંગે નિર્ણય લેતા પહેલા આરબીઆઈની સલાહ લીધી હતી. અનુરાગસિંહ ઠાકુરે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં ૨૦૦૦ રૂપિયાની નોટો મોકલવા માટે કોઈ માંગ પત્ર પ્રેસને મોકલવામાં આવ્યો ન હતો.

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં પ્રેસને ૨૦૦૦ રૂપિયાની નોટો મોકલવા માટે કોઈ ઈન્ડેન્ટ મોકલવામાં આવ્યા ન હતા, પરંતુ આનો અર્થ એ નથી કે સરકાર ૨૦૦૦ રૂપિયાની નોટોનું છાપકામ બંધ કરવાનું વિચારી રહી છે. નાણાં રાજ્ય પ્રધાને પણ માહિતી આપી હતી કે ૩૧ માર્ચ ૨૦૨૦ સુધીમાં રૂ. ૨૦૦૦ ની ૨૭,૩૯૮ ચલણી



નોટો ચલણમાં છે. ૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં આ આંકડો ૩૨,૯૧૦ ચલણી નોટો પર હતો.

અનુરાગ ઠાકુરે કહ્યું કે, સિક્યુરિટી પ્રિંટિંગ એન્ડ મિંટિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (એસપીએમસીઆઈએલ) એ માહિતી આપી છે કે કોવિડ -૧૯ રોગચાળાને કારણે તેમના પ્રેસ પરની નોટની છાપને પણ અસર થઈ છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા નોટ મુદ્રા પ્રાઈવેટ લિમિટેડ (બીઆરબીએનએમપીએલ) પ્રેસમાં ઉત્પાદક પ્રવૃત્તિઓને ૨૩ માર્ચ ૨૦૨૦ થી ૩ મે ૨૦૨૦ સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. પ્રેસમાં બેંકનોટનું છાપકામ ૪ મે ૨૦૨૦ થી ફરી શરૂ થયું.

### સુરત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ

## સુરત જિલ્લા કલેકટરે એકસાથે ૪૧ ડેપ્યુટી મામલતદારોની કરી બદલી

સુરત,

આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓના વાગી રહેલા પડઘમ વચ્ચે સુરત જિલ્લા કલેકટરે લાંબા સમયના વિરામ બાદ આજે ૪૧ ડેપ્યુટી મામલતદારોની બદલીના હુકમો કરતા કયાંક ખુશી તો કયાંક ગમ જોવા મળ્યો હતો.કોરોનાની મહામારી વચ્ચે આગામી ડિસેમ્બર મહિનાથી પાલિકા, જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણી અંગેની જાહેરાત થાઈ તેવી શકયતાઓ છે. જેના કારણે જિલ્લા કલેકટરમાં ચૂંટણી લક્ષી કામગીરીનો ધમધમાટ શરૂ થઈ ચૂકયો છે.

આજે સુરત જિલ્લા કલેકટરે ૪૧ ડેપ્યુટી મામલતદારોની બદલીના હુકમો કર્યા હતા. જેમાંથી મોટાભાગના ત્રણ વર્ષનો સમયગાળો પૂર્ણ થયો હોઈ તેવા હતા. તો કેટલાકને મુળ સ્થાને રાખીને ચૂંટણીની વધારાની કામગીરી પણ સોંપી છે. આમ આગામી ચૂંટણીને લઈને તંત્ર દોડતુ થઈ ગયુ છે. કામગીરી શરૂ થઈ ચૂકી છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૬ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ જયારે વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૦–૦૯–૨૦૨૦ ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૯૧૭ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી ૦૨ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૮૨ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૩૯ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૪૪૩૧૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૪ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૪ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૯ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૮ દર્દી હોમ આઈસોલેશન, ૦૧ સીવીલ હો.અમદાવાદ, ૦૩ પ્રાઈવેટ હોસ્પિટલ અમદાવાદ, ૧૧ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૧૮ દર્દી SDH સંતરામપુર, ૦૨ એસ.એમ.વી.ઓ.ગાંધીનગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૯૧ દર્દીઓ સ્ટેબલ અને ૦૪ દર્દીઓ ઓક્સિજન પર એ ૦૧ વેન્ટીલેટર પર છે.

# અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડાના આરોગ્ય ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલ સર્વેની કામગીરી


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેક્ટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ અનુસાર આરોગ્ય કર્મીઓ જિલ્લાના તમામ નાગરિકોના આરોગ્યની સારસંભાળ રાખવાની સાથે અનેકવિધ ક્ષેત્રે કામ કરી રહ્યા છે.

તદ્અનુસાર અર્બન હેલ્થ સેન્ટર, લુણાવાડાના આરોગ્ય કર્મચારીઓ દ્વારા વિવિધ વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે તેની સાથોસાથ દરેક નાગરિકોના આરોગ્યની સુખાકારી માટે પાણીજન્ય રોગો ન ફેલાય તે માટે પણ કામગીરી કરી રહ્યા છે. જેના ભાગરૂપે ઘાંટી અને ડુંગરાભીંત વિસ્તારમાં ડેન્ગ્યુના પોઝીટીવ કેસ મળી આવતાં આ વિસ્તારમાં સર્વેની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરી હતી. જયારે આયુષ તબીબ દ્વારા પણ પોઝીટીવ આવેલ દર્દીના ઘરની આસપાસના વિસ્તારોમાં સર્વે હાથ ધરી ક્રોસ ચેકીંગ કરવામાં આવ્યું હતું.

આમ, જિલ્લાના આરોગ્ય કર્મીઓ જિલ્લાના નાગરિકોનું આરોગ્ય અને તંદુરસ્તી જળવાઈ રહે તે માટે આરોગ્યલક્ષી કામગીરી કરી રહ્યા છે.

# કડાણા અને ખાનપુર વિકાસશીલ તાલુકાના પ્રભારી સચિવની અધ્યક્ષતામાં તાલુકા જિલ્લાના અધિકારીઓ સાથે વિકાસકામોના આયોજન અંગે સમીક્ષા બેઠક યોજાઇ



લુણાવાડા, મહીસાગર જિલ્લાના કડાણા અને ખાનપુર વિકાસશીલ તાલુકા માટે જિલ્લા સેવા સદનના સભાખંડમાં વિકાસશીલ તાલુકાના પ્રભારી સચિવ રાજેશ માંજુની અધ્યક્ષતામાં અને જિલ્લા કલેકટર આર.બી.બારડ, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી તેમજ જિલ્લા તાલુકાના અમલીકરણ અધિકારીઓની ઉપિસ્થતીમાં વર્ષ–૨૦૨૦–૨૧ ના નવિન આયોજન અંગે બેઠક યોજાય હતી. જેમાં કડાણા અને ખાનપુર તાલુકાના વિકાસકામો અંગે આરોગ્ય, શિક્ષણ, પશુપાલન, સિંચાઈ, પાણી પુરવઠા, રોજગાર તાલીમ અને વ્યકિતગત લાભો તથા સામૂહીક લાભો અંગે બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ઉપસ્થિત અમલીકરણ અધિકારીઓને પ્રભારી સચિવ માંજુએ જણાવ્યું હતું કે, આ તાલુકાઓને સરકાર તરફથી વિકાસ માટે અલગ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. અને સામુહીક ઈન્ફાસ્ટકચર ડેવલોપ કરવા સરકારના જુદા જુદા વિભાગો દ્વારા પણ અલગ અલગ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેનો સદઉપયોગ થાય ખરેખર જરૂરીયાત વાળા લાભાર્થીને લાભ મળે લોકોની આવકમાં વૃધ્ધિ થાય તેમજ લોકોની સુખાકારીમાં વધારો થાય તેવા કામોને અગ્રીમતા આપવા જણાવ્યું હતું. વધુમાં યોજેલી બેઠકમાં જણાવ્યું હતું કે, શિક્ષણ, આરોગ્ય, પાણી પુરવઠો ખેતીવાડી, દૂધ સંજીવની યોજના, બાગાયત વિભાગની યોજના, ઉદવહન સિંચાઈ યોજના, સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ આંગણવાડી તેમજ કુપોષણ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સુજલામ સુફલામ યોજના, ચેકડેમો, પશુપાલન, મહીલા દૂધમંડળીઓ જેવી બાબતો અંગે નવિન આયોજન અંગે જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ મંજુલાબેન ખાંટ, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, ડી.આર.ડી.એ ડાયરેક્ટર જાદવ, જિલ્લા આયોજન અધિકારી અને તાલુકાના અધિકારીઓ તથા જિલ્લાના અમલીકરણ અધિકારીઓ ઉપિસ્થત રહ્યા હતા.

(પાન નં.૧ નું ચાલુ)

## ભારે ધાંધલ-ધમાલ વચ્ચે.....

બિલ ફાર્મર્સ એન્ડ પ્રોડ્યુસ ટ્રેડ એન્ડ કોમર્સ(પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) બિલ અને ફાર્મર્સ(એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેકશન) એગ્રીમેન્ટ ઓન પ્રાઈસ એશ્યોરન્સ એન્ડ ફાર્મા સર્વિસ બિલ રાજયસભામાં રજૂ કર્યા હતા. તે દરમ્યાન તેમણે જણાવ્યું હતું કે આ બિલ ખેડૂતોના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન લાવનાર છે. ખેડૂતોનો પોતાનો પાક કોઈ પણ સ્થળથી કોઈ પણ સ્થળ પર ઈચ્છિત કિંમત પર વેચવાની સ્વતંત્રતા હશે. તેમણે કહ્યુ કે બિલ વિશે કેટલાક પ્રકારની ધારણાઓ બનાવવામાં આવી છે. આ બિલ એમએસપી સાથે સંબંધિત નથી. વડાપ્રધાને પણ કહ્યુ છે કે એમએસપી જારી છે અને આગળ પણ જારી રહેશે. આ બિલના માધ્યમથી ખેડૂતોના જીવનમાં પરિવર્તન આવશે.

કોંગ્રેસ સાંસદ પ્રતાપસિંહ બાજવાએ કહ્યું કે, કોંગ્રેસ પાર્ટી આ બિલનો વિરોધ કરે છે. પંજાબ અને હરિયાણાના ખેડૂતોનું માનવું છે કે, આ બિલ તેની આત્મા ઉપર હૂમલો છે. આ બિલો ઉપર સહમતિ કિસાનો માટે ડેથ વોરંટ ઉપર હસ્તાક્ષર કરવા જેવું છે. ખેડૂત એપીએમસી અને એમએસપીના ફેરફારના વિરોધમાં છે. જયારે શિવસેનાએ કહ્યું કે, ખોટી અફવાને લઈને એક મંત્રીએ કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું. નારેબાજી કરવામાં TMC ઉપરાંત કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પણ ખૂબ જોરથી નારેબાજી કરી હતી.

બિલ પાસ થતાં જ કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ કહ્યું કે 'બાહુબલી' મોદી સરકારે જબરદસ્તી કૃષિ બિલ પાસ કરાવ્યું છે, આનાથી વધુ કાળો દિવસ કોઈ હોઈ જ ના શકે. દેશના ખેડૂત મોદી સરકારને કયારેય માફ કરશે નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ લોકસભામાં કૃષિ વિધેયક પસાર થયું હતું ત્યારે આજે રાજયસભામાં પણ બિલ પસાર થતાં રાષ્ટ્રપતિના હસ્તાક્ષર પછી તે કાયદો બની જશે.

### કોરનાના સંક્રમણના કારણે

# કોઠંબામાં બજાર સવારે ૮ થી ૧૧ સુધી ખુલ્લા રહેશે

- પટાપટ વેપારીઓના મૃત્યુથી વેપારીઓ ભયભીત.
- સ્વયંભૂ વેપારીઓએ રોગને નિયંત્રણ લેવાતા પગલા.
- દિનપ્રતિદિન વધતા જતા પોઝીટીવ રોગચાળાને અટકાવવાના પગલાં.
- વધતા જતા કન્ટેનમેન્ટ એરીયાના કારણે ચિંતા વધી.
- લોકોનું સંક્રમણ ઘટીને રોગચાળો નિયંત્રણમાં આવશે.

લુણાવાડા, લુણાવાડા તાલુકામાં આવેલ કોઠંબા ગામમાં દિનપ્રતિદિન કોરોનાના રોગને નાથવા માટે વેપારી મંડળે બજારો સ્વયં સમય ઘટાડીને ૮ થી ૧ વાગ્યા સુધી કરાયો છે. જેનાથી કોરોના નિયંત્રણ થઈ શકશે.

છેલ્લા કેટલાક દિવસોથી કોવિડ ટેસ્ટમાં વિવિધ ફળીયાઓમાં કોરોના રોગ આગળ ન વધે તે માટે સરકારે ચોકકસ નિયમ જાહેર કર્યા છે. લુણાવાડા તાલુકાના કોઠંબા ગામમાં વેપારીઓ તથા ગ્રામ પંચાયત દ્વારા નિત નવા નિયમો બહાર પાડીને દિવસોથી રોગ નિયંત્રણ માટેની કામગીરી હાથ ધરાઈ રહી હતી. અવારનવાર આરોગ્ય તંત્ર દ્વારા સોશ્યલ ડિસ્ટન્સ તથા માસ્ક પહેરીને રોગને અટકાવવા માટે જાહેરાત કરાઈ રહી છે. ત્યારે છેલ્લા ત્રણ દિવસમાં ૩૬૮ ટેસ્ટમાં ૨૨ કોરોના પોઝીટીવ આવતા ગ્રામજનોમાં ખળભળાટ વ્યાપી ગયો છે. કોરોના દર્દીથી પિડીત વેપારીના મૃત્યુ બાદ વેપારીઓ જાગૃત થયા છે. ગામના વેપારી મંડળ મળેલી બેઠકમાં રોગની ગંભીરતાને ધ્યાને લઈને બજારો નહી ખોલી અને સમય કાર્યક્રમની ઘોષણા કરાઈ હતી.

કોઠંબા એક વેપારી મથક હોવાથી શહેરા તથા લુણાવાડા તાલુકાના આશરે ૧૦૦ ગામની પ્રજા સામાજીક તથા વેપારીનું સંબંધ ધરાવે છે. અને રોજીંદા પ્રજાની કામ અર્થે અવરજવર રહે છે. હાલમાં મહાકારી કોરોના રોગચાળાનો સમય ચાલી રહ્યો હોવાથી સરકારના નિયમ પ્રમાણે કોરોનાને અટકાવવા માટે માસ્ક તથા સોશ્યલ ડિસ્ટન્સ જાળવાના નિયમનું પાલન કરવામાં આવતું નથી અને વેપારીના મોતના પગલે ઘટાડીને ૮ થી ૧૧ સુધી બજાર ખુલ્લા રખાશે.

# સંતરામપુર પોલીસે હેલ્મેટ વગર વાહન હંકારતા ચાલકો પાસેથી ૧.૫૦ લાખનો દંડ વસુલ્યો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, ગુજરાત રાજ્ય સરકારના આદેશ મુજબ હેલ્મેટ ફરજીયાત કરવામાં આવ્યું છે. તેના ભાગરૂપે સંતરામપુર પોલીસે ટ્રાફિક ડ્રાઈવ શરૂ કરવામાં આવ્યું હતું. ૯ થી ૨૦ સપ્ટેમ્બર સુધી ચલાવેલ ટ્રાફિક ડ્રાઈવમાં હેલ્મેટ વગર વાહન ચલાવનાર પાસેથી ૧.૫૦ લાખનો દંડ વસુલવામાં આવ્યો. રાજ્ય સરકાર દ્વારા હાઈવે માર્ગો ઉપર ટુ વ્હીલર વાહન ચાલકો અવશ્ય હેલ્મેટ પહેરે તે માટે ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. જેના ભાગરૂપે સંતરામપુર પોલીસ દ્વારા સંતરામપુરમાં હેલ્મેટ વગર દ્વિચકી વાહન હંકારતા વાહન ચાલકો ઝડપી પાડવા માટે તા.૯ સપ્ટેમ્બર થી ૨૦ સપ્ટેમ્બર સુધી સ્પેશીયલ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી. આ એક સપ્તાહ સુધી ચલાવેલ સ્પેશીયલ ડ્રાઈવ દરમ્યાન હેલ્મેટ વગર વાહન હંકારતા વાહન ચાલકો પાસેથી ૧.૫૦ લાખ રૂપીયાની વસુલાત કરવામાં આવી છે.

# મહિસાગર જીલ્લાની ICDS શાખાની કામગીરીની સમીક્ષા કરતા જિલ્લા વિકાસ અધિકારી

લુણાવાડા, રાજ્ય સરકાર સુપોષિત ગુજરાતના ધ્યેયને વરેલી છે અને મહિલા અને બાળ વિકાસ વિભાગના માધ્યમથી માતા અને બાળકોના સુપોષણ માટેની વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

પૂરક પોષણનો લાભ આપવાની સાથે છેક સગર્ભાવસ્થાથી તંદુરસ્ત બાળકનો જન્મ થાય તે માટે લેવાની થતી કાળજી અને તકેદારીનું માર્ગદર્શન જિલ્લાની મહિલાઓ અને કિશોરીઓને મળી રહે તે માટે જિલ્લામાં જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ પોષણ માહની ઉજવણી કરવામાં આવી રહી છે.

જિલ્લમાં ચાલી રહેલ પોષણ માહની કામગીરીની સમીક્ષા કરવા અર્થે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના અધ્યક્ષસ્થાને આઇ.સી.ડી.એસ. શાખાના સીડીપીઓ અને મુખ્ય સેવિકાઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ જિલ્લામાં પોષણ માહ અંતર્ગત ચાલી રહેલ કામગીરીની સમીક્ષાની સાથે વાનગી હરિફાઈ જેવી વિવિધ હરીફાઈઓ અંગેની ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. નેહા કુમારીએ બેઠકમાં જિલ્લામાં ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓ કે જેઓ શાળાએ જતી ન હોય તેવી કિશોરીઓને શાળામાં પુનઃ પ્રવેશ અપાવવા અને પૂરતું શિક્ષણ મળે તે જોવા સુચવ્યું હતું.

# બાલાશીનોરમાં યોજાયેલ જાહેરસભામાં કોરોના નિયમોના ધજાગરા



બાલાશીનોર, બાલાસીનોરમાં જાહેર સભામાં માસ્ક વગરના નેતાના ફોટા સામે આવ્યા છે. અમુલ ડેરી આણંદ નિયામક મંડળની ચૂંટણીમાં રાજેશભાઈ પાઠક વિજયી થતા સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. પરંતુ કોરોના નિયમોની ઐસીતૈસી જોવા મળી હતી. એક બાજુ કોરોનાનો કહેર યથાવત છે. ત્યારે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ચેરમેન રાજેશભાઈ પાઠક વિજય સમારંભ યોજવામાં આવ્યો હતો. બાલાસીનોરના રળિયાતા ખાતે યોજાયેલ સમારંભમાં બાળકોથી માંડીને તમામ લોકો આવ્યા હતા. બાલાસિનોર ભાજપ પ્રમુખ ઉપરાંત મોટી સંખ્યામાં કાર્યકરો અને સ્થાનિકો ઉપસ્થિત રહ્યા રાજેશભાઈ પાઠકથી માંડીને તમામ લોકો માસ્ક વગર અને સોસીયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડાડતા જોવા મળ્યા ત્યારે શુ નેતાઓ માટે કોરોનાને લઈને કોઈ નિયમ પાળવા જરૂરી નથી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૨૧-૯-૨૦૨૦, સોમવાર, અધિક આસો સુદ-૫ સૂર્યોદય-૬-૩૭, સૂર્યાસ્ત-૬-૪૩, જૈન નવકારશી-૭-૨૪, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ સ્વાતિ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૩૭થી અમૃત-૮-૦૭ સુધી, ૯-૩૮થી શુભ-૧૧-૦૯ સુધી, ૧૪-૧૦થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૧૨ સુધી, ૨૩-૧૧ થી લાભ-૨૪-૪૦ સુધી

- શુભ હોરા-
૬-૩૭થી ૭-૩૭ સુધી, ૮-૩૮થી ૯-૩૮ સુધી, ૧૧-૩૯થી ૧૪-૪૧ સુધી, ૧૫-૪૧થી ૧૬-૪૨ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૧.૦૯.૨૦૨૦ સોમવાર

મેષ (અ.લ.ઈ.) :- તમારા વિચારો રજુ કરો, ચોક્કસ કોઈ લાભ મલવાનો ઉપરા વર્ગનો સહકાર સારો રહેવાનો.
વૃષભ (બ.વ.ઉ.) :- તટસ્થ નિર્ણયો લાભદાયક રહેવાના સામાજીક પ્રતિષ્ઠા વધવાની છે પ્રવાસમાં સફળતા રહે.
મિથુન (ક.છ.ઘ.) :- તાત્કાલીક કોઈ નિર્ણયો ન લેવા ધીરજ પૂર્વકનું કાર્ય સફળ થવાનું કાર્યભાર રહેવાનો.
કર્ક (ડ.હ.) :- તનાવ દૂર થવાનો છે. ભાઈ-બહેનોથી સહકાર રહેણાંક કર્જમાં રાહત થવાની.
સિંહ (મ.ટ.) :- આત્મવિશ્વાસ વધારવો જરૂરી રહે. નવું સાહસ સફળ થવાનું પ્રવાસમાં સફળતા રહે.
કન્યા (પ.ઠ.ણ.) :- મિલ્કત સંબંધી સુધારો થવાનો સ્થાનફેરનો લાભ.
તુલા (ર.ત.) :- ઉત્સવને લઈને પરિવારના સભયો માટે કિંમત ચીજ વસ્તુની ખરીદી થાય. સ્નેજનોથી મુલાકાત થવાની.
વૃશ્ચિક (ન.ય.) :- પાર્ટીનું આયોજન થવાનું.નોકરીમાં પરિવર્તનની ઈચ્છા ફળવાની વહેવારીક કાર્યોમાં સફળતા મલવાની.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- અતડા બનવાથી દુર રહેજો. ઉપરા વર્ગનો સાથ સહકાર સારો રહેવાનો દુકાન, કે ઓફિસમાં રીનોવેશન થાય.
મકર (ખ.જ.) :- તમારા પ્રયત્નો ફળવાના છે. ગૃહ વિવાદથી દૂર રહેજો. અગત્યના કામકાજોમાં ન ધારેલી સફળતા રહે.
કુંભ (ગ.શ.સ.) :- ભાગીદારી ધંધાનું આયોજન થાય યુવા વર્ગને સગાઈ લગ્નનું કાર્ય આગળ વધવાનું પ્રવાસમાં સફળતા.
મીન (દ.ચ.ઝ.) :- જુનાગઢ રોકાયેલા નાણા છુટા થાય. સામાજીક પ્રતિષ્ઠા વધવાની નોકરીમાં પગાર વધારો શકય બને.

# દેશભરમાં સૌપ્રથમ અમદાવાદ સિવિલમાં કોરોનાગ્રસ્ત વયસ્કો માટે અલાયદા વોર્ડ શરૂ કરાયા



અમદાવાદ, કોરોના વાયરસની ગંભીરતા જોતા જેમાં પણ ખાસ કરીને વયસ્ક દર્દીઓના સ્વાસ્થયની દરકાર કરીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. રાજય સરકારના મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારના માર્ગદર્શન હેઠળ અમદાવાદ સિવિલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ.જે.પી. મોદી અને હોસ્પિટલના તબીબો દ્વારા કોરોના ડેડીકેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં જીરીયાટ્રીક કોવિડ વોર્ડ કાર્યરત કરવામાં આવ્યા છે. જેમા ૭૦ વર્ષથી વધુ ઉમ્ર ધરાવતા કોરાનાગ્રસ્ત દર્દીઓને અલાયદી સારવાર સાથે સારસંભાળ મળી રહે તે માટે રાજયસરકારના માર્ગદર્શન હેઠળ સિવિલ હોસ્પિટલ દ્વારા આ પહેલ હાથ ધરવામાં આવી છે. સામાન્યપણે હોસ્પિટલમાં બાળરોગ વિભાગ, સ્ત્રીરોગ વિભાગ તેમજ પુરુષ રોગના અલાયદા વિભાગ જોવા મળતા હોય છે. પરંતુ સિવિલ હોસ્પિટલ દ્વારા કોરોના ગ્રસ્ત વયોવૃધ્ધ દર્દીઓની દરકાર કરીને તેઓને શ્રેષ્ઠ સારવાર મળી રહે, પ્રાથમિક સારવારથી લઈ ઈમરજન્સી સારવાર, સારસંભાળમાં કોઈપણ પ્રકારની અગવળ કે તકલીફ ઉભી ન થાય તે કારણોસર સ્વાસ્થય સેવાઓમાં વધુ એક છોગુ ઉમેરવામાં આવ્યુ છે.

કોરોના સંક્રમિત થઈ સારવાર માટે આવતા ૭૦ વર્ષથી વધુ ઉમરના કોરોનાગ્રસ્ત દર્દીઓમાં ખાસ પ્રકારની સારવાર અને સારસંભાળની જરૂર પડતી હોય છે. તેમાં પણ કોમોર્બિડી ધરાવતા દર્દીઓમાં આવા વાયરસની ગંભીરતા, સંવેદનશીલતા વધુ જોવા મળે છે. આવા દર્દીઓની સારવારને લગતી પ્રાથમિક જરૂરિયાત અન્ય દર્દીઓની સરખામણીમાં વધુ સંવેદનશીલ હોય છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને સિવિલ હોસ્પિટલ દ્વારા આજ રોજ જીરીયાટ્રીક વોર્ડ કાર્યરત કરવામા આવ્યો છે. આ જીરિયાટ્રીક વોર્ડમાં દાખલ તમામ દર્દીઓ માટે અલાયદા પેશન્ટ અટેન્ડેન્ટની નિમણૂક કરવામાં આવી છે.

જે ૬ દર્દીઓ વચ્ચે એક પેશન્ટ અટેન્ડેન્ટ રહીને વયસ્ક દર્દીઓની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે જમાડવું, પાણી પીવડાવવું, બાથ આપવુ, તેમને પેશાબ માટે લઈ જવું, ડાયપર બદલવા જેવી બાબતોનું ધ્યાન રાખશે. આ વોર્ડમાં કાર્યરત નર્સિંગ સ્ટાફ જેઓ વયસ્ક દર્દીઓની સારસંભાળમાં અનુભવી હોય તેવા જ નિમણૂક કરવામાં આવશે. ૭૦ વર્ષથી વધુ ઉમરના દર્દીઓને એલોપેથી તેમજ વિવિધ સારવારની સાથે સાથે માનસિક સારવાર પધ્ધતિની પણ કાઉન્સેલીંગની પણ જરૂર પડતી હોય છે જે બાબતોને ધ્યાનમાં રાખીને કાઉન્સેલરની પણ નિમણૂક કરવામાં આવી છે. જીરીયાટ્રીક વોર્ડમાં ઉપલબ્ધ સુવિધાઓની વાત કરીએ તો, વયોવૃધ્ધ દર્દીઓને ચાલવામાં તકલીફ ન પડે તે માટે વોકર્સ મૂકવામાં આવ્યા છે. બાથરૂમ કે ટોયલેટમાં જાય ત્યારે બેસવા કે ઉભા થવામાં તકલીફ ના પડે તે માટે ગ્રેબર લગાડવામાં આવ્યા છે.દર્દીઓ માટે ખુરશીની વ્યવસ્થા કરવામાં આવી છે. વ્હીલચેર મૂકાયા છે. દર્દીઓના મનોરંજન માટે દરેક કોવિડ વોર્ડમાં ટી. વી. મૂકવામાં આવ્યા છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# સરકારી કર્મચારીઓએ વર્કપ્લેસ ખાતે કોવીડ-૧૯ બાબતે રાખવાની સાવધાનીનું ચુસ્ત પાલન કરવા કલેક્ટરની સૂચના

દાહોદ,

દાહોદમાં છેલ્લા દસેક દિવસમાં કોરોનાના કેસોમાં સરકારી કર્મચારીઓ પણ સંક્રમિત થયા હોય કોવીડ-૧૯ સંદર્ભે ઓફિસ-કાર્યક્ષેત્ર ખાતે સરકારની માર્ગદર્શિકાનું ચુસ્ત પાલન કરવા કલેક્ટર વિજય ખરાડીએ જણાવ્યું છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

તેમણે જણાવ્યું કે, દરેક સરકારી કચેરી ખાતે કોરોના સંક્રમણને ટાળવા માટે એક નોડલ ઓફીસરની નિમણુંક કરવાની રહેશે જેઓએ આ જવાબદારી સુપેરે નિભાવવાની રહેશે. કચેરીના પ્રવેશદ્વાર પર ફરજીયાત સેનેટાઈઝરથી હાથ સાફ કરવા અને થર્મલગનથી શરીરનું તાપમાન માપવું અને પલ્સઓક્સીમીટર પણ સાથે રાખવું. ફક્ત ચિન્હો વગરના એટલે કે તાવ, શરદી, ખાંસી, શ્વાસ લેવામાં તકલીફ ના હોય તેવા કર્મચારીઓ-મુલાકાતીઓને જ પ્રવેશ આપવો. અવર જવર મર્યાદિત રાખવી. જે કર્મચારીને કોઈ પણ પ્રકારના કોરોનાના લક્ષણ જણાતા હોય તો તેમનો કોરોના ટેસ્ટ તુરત જ કરાવવો. શક્ય હોય ત્યાં સુધી વર્ક ટુ હોમ કન્સેપ્ટ અપનાવવો.

તેમણે જણાવ્યું કે, કન્ટેઈનમેન્ટ જાહેર કરેલા વિસ્તારમાંથી આવનાર કોઈ પણ વ્યક્તિએ ઓફીસની મુલાકાત ટાળવી. માસ્ક મોં અને નાક ઢંકાયેલા રહે એ રીતે પહેરવું અને ૬ ફૂટનું સામાજિક અંતર જાળવી રાખવું. અનિવાર્ય સંજોગોમાં જ મુલાકાતીઓએ ઓફીસની મુલાકાત યોગ્ય પરવાનગી બાદ અને તબીબી તપાસ કર્યા બાદ જ લેવી. કચેરીમાં બેઠક વ્યવસ્થા ૬ ફૂટનું અંતર જળવાય તેમ રાખવી. મીટીંગ પણ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જ કરવી. કચેરીમાં કર્મચારીઓ-મુલાકાતીઓએ માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે. દરેક કર્મચારીએ આરોગ્ય સેતુ એપનો ઉપયોગ કરવો. કચેરીમાં નિયમિત સાફસફાઈ, સ્વચ્છતા જળવાઈ તેનું ધ્યાન રાખવું.

ઓફીસ-કાર્યક્ષેત્ર-વર્કપ્લેસ કોવીડ-૧૯ અંતર્ગત કયારે બંધ રાખવી એ બાબતે જણાવતા તેમણે ઉમેર્યું કે, જયારે એક કે બે કેસ નોંધાયેલા હોય તો દર્દીએ છેલ્લા ૪૮ કલાકમાં જે જગ્યા-સ્થળની મુલાકાત લીધી હોય તે જગ્યાને ચેપ મુક્ત કરવી હિતાવહ છે. આખી ઓફીસ બિલ્ડિંગ બંધ રાખવી કે ઓફીસના અન્ય વિભાગોમાં કામ બંધ રાખવું જરૂરી નથી. અને નિર્ધારિત પ્રોટોકોલ મુજબ જીવાણુંનાશક ક્રિયા પછી ફરીથી કામ શરૂ કરી શકાય છે. જો વધારે સંખ્યામાં કેસો (આઉટબ્રેક) નોંધાયા હોય તો ઈમારત/વિભાગ નિર્ધારિત પ્રોટોકોલ મુજબ જીવાણુંનાશક ક્રિયા કરીને ૪૮ કલાક પછી ચાલુ કરી શકાય.

# દાહોદ જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

દાહોદ,

કલેક્ટર વિજય ખરાડીની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ખાતે સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં કોરોના વાયરસની સ્થિતિને નિયંત્રણમાં લેવા સહિતની બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત આરોગ્ય, વીજળી, પાણી અને શિક્ષણને લગતી બાબતોને પણ બેઠકમાં આવરી લેવામાં આવી હતી.




કલેક્ટર ખરાડીએ દાહોદ નગર અને જિલ્લામાં કોરોના વાયરસના જ્યાં કેસો મળી આવ્યા બાદ લાગુ કરવામાં આવેલા નિયંત્રિત વિસ્તારોમાં નિયમોનો ચુસ્તપણે અમલ કરાવવા જણાવ્યું હતું. આ માટે જરૂરી લાગે ત્યા પોલીસની પણ મદદ લેવા સૂચન કરવામાં આવ્યું હતું. દાહોદ જિલ્લામાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા નાખવામાં આવેલા હેન્ડ પમ્પ રિપેર કરવા ઉપરાંત લોકોને પાણી આપવા માટે મંજૂર કરાયેલી યોજનાને ત્વરિત પૂર્ણ કરવા કલેક્ટરએ જણાવ્યું હતું. વરસાદના કારણે ધોવાઈ ગયેલા રસ્તાઓને દુરસ્ત કરવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા થઈ રહેલી કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

કલેક્ટરએ મહત્વાકાંક્ષી જિલ્લા માટે નિતિ આયોગ દ્વારા નિયત કરવામાં આવેલા સૂચકાંકો મુજબની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા આરોગ્ય, પશુપાલન, સિંચાઈ, શિક્ષણ વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. આ બેઠકમાં માહિતી નિયામકની કચેરી દ્વારા પ્રકાશિત પુસ્તક પ્રેરણાદાયી ઓળખ અધિકારીઓને આપવામાં આવ્યું છે. આ પુસ્તકમાં દાહોદ જિલ્લાની સાફલ્ય ગાથાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ વેળાએ જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજ, નિવાસી અધિક કલેક્ટર એમ. જે. દવે, નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સી. બી. બલાત તથા કિરણ ગેલાત સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જીલ્લામાં બે અલગ અલગ સ્થળેથી ૬૮ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએથી પોલીસે પ્રોહી રેડ દરમ્યાન કુલ રૂા.૬૮,૬૮૦ ના પ્રોહીના જથ્થા સાથે બેની અટક કર્યાનું જ્યારે એક નાસી જવામાં સફળ રહ્યાનું જાણવા મળે છે. બે બનાવ પૈકી એક બનાવમાં મોટરસાઈકલ પણ પોલીસે જપ્ત કરી છે.

પ્રોહીનો પ્રથમ બનાવ ઝાલોદ તાલુકાના સુથારવાસા ગામે બનવા પામ્યો હતો જેમાં ગામમાં જ રહેતો સંજયભાઈ ગવજીભાઈ ડામોર પોતાના રહેણાંક વિસ્તારમાં વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે ગત તા.૧૮મી સપ્ટેમ્બરના રોજ પ્રોહી રેડ પાડી હતી. પોલીસને જોઈ સંજયભાઈ અંધારાનો લાભ લઈ નાસી ગયો હતો ત્યારે પોલીસે સ્થળની તલાસી લેતા વિદેશી દારૂ તથા બીયરની નાની મોટી બોટલો નંગ.૨૬૪ જેની કુલ કિંમત રૂા.૩૧,૬૮૦ નો પ્રોહી જથ્થો જપ્ત કરી પોલીસે ઉપરોક્ત ઈસમ વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસે બનવા પામ્યો હતો. જેમાં ગુલાબભાઈ માનસીંગભાઈ ચંદાણા (રહે.સંજેલી) અને કમલેશભાઈ રંગજીભાઈ ડાંગી (રહે.ઝાલોદ) એમ આ બંન્ને જણા ગત તા.૧૮મી સપ્ટેમ્બરના રોજ પોતાની કબજાની મોટરસાઈકલ લઈ ભથવાડા ટોલનાકા પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન પોલીસને ઉપરોક્ત બંન્ને જણા પર શંકા જતા તેઓને ઉભા રખાવી તેઓની પાસેના માલસામાનની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૨૫૪ જેની કુલ કિંમત રૂા.૨૬,૦૦૦ ના પ્રોહી જથ્થા સાથે મોટરસાઈકલ મળી કુલ રૂા.૩૭,૦૦૦ ના મુદ્દામાલ સાથે બંન્નેની અટકાયત કરી દેવગઢ બારીઆ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ધાનપુરના ભાણપુરા ગામેથી ૩૫ હજારનો દારૂ ઝડપ્યો

ધાનપુર,

ધાનપુર તાલુકાના ભાણપુર ગામેથી પોલીસે એક રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂનો કુલ રૂા.૩૫,૦૪૦નો જથ્થો જપ્ત કર્યાનું જ્યારે પોલીસને જોઈ મકાન માલિક નાસી જવામાં સફળ રહ્યાનું જાણવા મળે છે.

ધાનપુર પોલીસને મળેલ બાતમીના આધારે ગત તા.૧૯મી સપ્ટેમ્બરના રોજ ભાણપુર ગામે પીપળીધરા ફળિયામાં રહેતો રમણભાઈ ધનાભાઈ પરમારના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ કરતા પોલીસને જોઈ રમણભાઈ ધનાભાઈ પરમાર નાસી ગયો હતો. પોલીસે મકાનની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૬૯ કિંમત રૂા.૩૫,૦૪૦ નો પ્રોહી જથ્થો જપ્ત કરી ધાનપુર પોલીસે ઉપરોક્ત ઈસમ વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# લોકડાઉન દરમ્યાન દાહોદ જિલ્લા ભાજપ દ્વારા કરેલ સેવાકિય કાર્યો

દાહોદ,

દાહોદ જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રભાઈ સોની એક અખબારી નિવેદનમાં જણાવે છે કે કોરોનાની મહામારીમાં લોકડાઉન દરમ્યાન દાહોદ જિલ્લા ભાજપ દ્વારા કરેલ કાર્યોની વિસ્તૃત માહિતી આપતી ઈ-બુક પુસ્તિકા "સેવાહી સંગઠન" નું લોકાર્પણ તેમજ વરચુલ સંવાદ આજ રોજ પ્રદેશ ભાજપના મહામંત્રી સી. કે. પટેલ તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ શંકર ભાઈ અમલિયારની વિશેસ ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં ટેકનોલોજીના ઉપયોગથી જિલ્લાના સૌ કાર્યકર્તાઓ જોડાયા હતા.

ભાજપ હમેશા રાજનીતિ થી ઉપર ઉઠી લોકસેવામાં માનનારો પક્ષ છે ત્યારે કોરોનની મહામારીમાં લોકડાઉન દરમ્યાન ભાજપના સૌ કાર્યકરો તેમજ સેવાભાવી સંસ્થાઓએ માસ્ક-સેનીટાઈઝર વિતરણ, ભુખ્યાને ભોજન ,જરૂરિયાત મંદોને રાશનકીટ વિતરણ, ફૂડપેકેટો, ટીફીનસેવા, આયુર્વેદિક ઉકળાનું વિતરણ, પોતાના વતન તરફ જતા શ્રમિકોને ચમ્પલ, ભોજન, રોકડ સહાય, પી. એમ.કેર ફંડમાં ઉદાર હાથે સહાય જેવા અનેકો કાર્યો તેમજ સેવાભાવી સંસ્થાઓએ કરેલ કાર્યોની નોંધ આ ઈ-બુકમાં સામેલ કરવામાં આવી છે.

આ અંગે વર્ચ્યુઅલ સંવાદમાં ઉપસ્થિત વક્તા પ્રદેશમ મહામંત્રી સી.કે. પટેલે પ્રધાનમંત્રીના જીવન વિશે વક્તવ્ય આપી કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન આંનદભાઈ શાહ, અલય દરજીએ કર્યું હતું.

# ફતેપુરાના નવા તળાવ ગામે પરણિતાનો એકલતાનો લાભ લઈ આબરૂ લેવાની કોશિષ

દાહોદ,

ફતેપુરા તાલુકાના નવાતળાવ ગામે એક પરણિતાને ખેતરમાં એક ઈસમ દ્વારા એકલતાનો લાભ લઈ પરણિતાનો હાથ પકડી ઈજ્જત લેવાની કોશીષ કરતાં મહિલાએ બુમાબુમ કરી મુકતા ઈસમ નાસી જવામાં સફળ રહ્યાનું જાણવા મળે છે. ફતેપુરા તાલુકામાં રહેતી એક પરણિતા ગત તા.૦૬ સપ્ટેમ્બરના રોજ પોતાના ખેતરમાં કામ કરી રહી હતી. આ દરમ્યાને નવાતળાવ ફળિયામાં રહેતો બબલાભાઈ તેરસીંગભાઈ પારગી તે સમયે ખેતરમાં આવી મહિલાનો એકલતાનો લાભ લઈ તેનો હાથ પકડી, ખેંચતાણ કરી ઈજ્જત લેવાની કોષીશ કરી હતી. મહિલાએ પોતાના સ્વબચાવ અને મદદ માટે બુમાબુમ કરી મુકતા આસપાસના લોકો અવાજ સાંભળી દોડી આવ્યા હતા અને દોડી આવેલા લોકોને જોઈ બબલાભાઈ પારગી નાસી ગયો હતો. આ સંબંધે પરણિતાએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દેવગઢબારિયામાં એકલવાયા વૃદ્ધના સમાજસેવીએ અગ્નિદાહ આપ્યો

દે.બારીઆ,

દેવગઢબારિયામાં એકલવાયા રહેતા એક વૃદ્ધનું આકસ્મિક મૃત્યુ થતાં તેમના અંતિમ સંસ્કાર અંગે લોકો વિમાસણમાં મૂકાયા હતા. મૃતકના સગા સિકંદરાબાદથી આવી શકે તેમ ના હોવાથી નગરના એક સમાજસેવીને ટેલિફોનિક સંદેશ મારફતે અંતિમસંસ્કાર કરવા માટે જણાવ્યું હતું. જેથી મૃતકના સગાસબંધીઓની ગેરહાજરીમાં સમાજસેવી લોકોની હાજરીમાં ચિતાને અગ્નિદાહ અપાયો હતો.

દેવગઢબારિયા નગરના હોળી ચકલા વિસ્તારમાં સુશીલભાઈ ઘરીયા નામના એક વયોવૃદ્ધ વ્યક્તિ એકલા રહેતા હતા. તેઓનું આકસ્મિક રીતે મરણ થયું હતું. જેની જાણ આસપાસમાં રહેતા લોકોએ સિકંદરાબાદમાં તેમના સગાને કરી હતી. પરંતુ તેઓ તાત્કાલિક દેવગઢબારિયા આવી શકે તેમ ના હતા. તેથી તેમણે નગરના સમાજસેવી નીલભાઈ સોનીને ટેલિફોનિક વાતચીત દ્વારા અંતિમવિધિ માટે વિનંતી કરી હતી. જેથી નગરના સમાજસેવી ડો.અમિતભાઈ શાહ, અંકુરભાઈ ગાંધી, બલવીરસિંહ ચૌહાણ, રાજુભાઈ નાયક, પ્રતિકભાઈ સુતરીયા, રાહુલભાઈ ઓડ, સજ્જનબા ગોહિલ, વિશાંકભાઈ મોદી, રાહુલભાઈ ઘરીયા સહિતનાઓએ અંતિમવિધિ માટેની તૈયારીઓ આટોપી હતી. અંતે મૃતકના સગા-સબંધીઓની ગેરહાજરીમાં નીલભાઈ સોનીએ મુખાગ્નિ આપીને અંતિમ સંસ્કાર કર્યો હતો. આ રીતે કોરોનાકાળમાં પણ સમાજસેવી લોકોએ માનવતાની મહેક પ્રસરાવી હતી.

# દાહોદ જીલ્લામાં આજે ૧૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ આજે વધુ ૧૩ કોરોના પોઝિટિવ દર્દીઓ ના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૪૯૭ ને પાર થવા પામ્યો છે.

આજના ૧૩ કોરોના પોઝિટિવ દર્દીઓ પૈકી (૧) અશોકકુમાર ખુબચંદ ગુરૂનાની (ઉ.૪૧ રહે. ગોદી રોડ દાહોદ), (૨) મહેન્દ્રભાઈ ભીખાભાઈ ડબગર (ઉ.૪૪ રહે. લીમખેડા ચિત્રકુટ સોસાયટી દાહોદ), (૩) મુરતુજા ફકરૂદ્દીન બોહરા (ઉ.૫૦ રહે. નજીમ મહોલ્લા દાહોદ), (૪) કમળાબેન હિરાલાલ પ્રજાપતિ (ઉ.૪૫ રહે. મંડાવાવ રોડ દાહોદ), (૫) જાનીયા રોહીત ભારત (ઉ.૨૨ રહે. ગામતળ ફળીયુ પાટીયાઝોલ ગરબાડા), (૬) સોની ગીતા વી (ઉ.૫૭ રહે. કન્યાશાળા રોડ દે.બારીયા), (૭) ભામદારે અનીલભાઈ ભીસનભાઈ (ઉ.૫૫ રહે. ધારીયા ફાર્મ લીમખેડા), (૮) ગોદરીયા સરીતાબેન મહેશ (ઉ.૪૪ રહે. કામળીયાવાડ દાહોદ), (૯) વાળંદ વિશાલ હરેન્દ્રભાઈ (ઉ.૨૦ રહે. ગીતામંદીર મંડળી ફળીયા ઝાલોદ), (૧૦) ચૌહાણ ધર્મેશ માંગીલાલ (ઉ.૩૬ રહે. ડબગરવાસ લીમડી), (૧૧) પંડ્યા નટવરલાલ અંબાલાલ (ઉ.૫૮ રહે. પરીખશેરી દે.બારીયા), (૧૨) બામણીયા નગજી ભુરાભાઈ (ઉ.૪૫ રહે. ઈટાવા ફળીયા ભરસડા), (૧૩) ચૌહાણ ગીરીજાકુમાર કાલીકાકુવર (ઉ.૬૦ રહે. રાજમહેલ રોડ સંજેલી).

# સીંગવડના મલેકપુર ગામ બંધ મકાનની દિવાલમાં બોકારરૂ પાડી ૯૩ હજારની ચોરી કરી

દાહોદ,

સીંગવડ તાલુકાના મલેકપુર ગામે અજાણ્યા ચોર ઈસમોએ એક બંધ મકાનની દિવાલમાં બાકોરૂ પાડી પ્રવેશ કરી તિજોરીમાંથી ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપીયા મળી કુલ રૂા.૯૩,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

મલેકપુર ગામે કટારા ફળિયામાં રહેતા ૫૦ વર્ષીય નાનસીંગભાઈ સોનાભાઈ કટારાના બંધ મકાનને ગત તા.૧૮મી સપ્ટેમ્બરના રોજ તસ્કરોએ નિશાન બનાવ્યું હતુ. મકાનની દિવાલમાં બાકોરૂ પાડી અંદર પ્રવેશ કરી તિજોરી તોડી અંદર મુકી રાખેલ ચાંદીનો કંદોરો, ચાંદીના ભોરીયા, ચાંદીની સાંકળી, ચાંદીના હાથમાં પહેરેવાના મઠીયા, ચાંદીનો કંદોરો તથા ચાંદીની સુડી વિગેરે તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૯૩,૦૦૦ ની મત્તાની અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે નાનસીંગભાઈ સોનાભાઈ કટારાએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# લીમખેડાના ઝાલોદ રોડ ઉપર પાર્ક કરેલ બાઈક ચોરી

દાહોદ,

લીમખેડાના ઝાલોદ રોડ ખાતેથી લોક મારી પાર્ક કરેલ એક ઈક્કો ફોર વ્હીલર ગાડીની ચોરી થતાં લીમખેડા પંથકમાં વાહન માલિકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

લીમખેડા નગરના ધરીયા ફાર્મની સામ રહેતા જેન્તીલાલ નાથુલાલ નાનેરીયાએ ગત તા.૦૪ સપ્ટેમ્બરના રોજ પોતાની ઈકો ફોર વ્હીલર ગાડી ઝાલોદ રોડ તરફ લોક મારી પાર્ક કરી હતી. આ ગાડીને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ગાડીનું લોક તોડી ચોરી કરી લઈ જતાં આ સંબંધે જેન્તીલાલ નાથુલાલ નાનેરીયાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆની SBI બેંકમાં ભારતીય ચલણની ફાટેલી નોટો બદલવાનું બંધ કરાતા ગ્રાહકોમાં રોષ




દે.બારીઆ,

દે.બારીઆની સ્ટેટ બેંકમાં તમામ ખાતાના અધિકારીઓ પદના અધિકારીઓ પેન્સન માટે આવે છે. પરંતુ હાલમાં છેલ્લા કેટલા માસથી એસ.બી.આઈ. સાથે બેંકમાં ફાટેલી નોટો બદલવાનું બંધ કરાતા ગ્રાહકોમાં રોષ ફેલાય જવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ભારતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની શાખા વર્ષોથી ચાલે છે પણ ફાટેલી નોટો દર ગુરૂવારના દીવસે બદલી આપવામાં આવતી હતી. તે ફાટેલી નોટો બદલવાનું બંધ કરવાનું કારણ અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધી એ બેંકમાં પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે દે.બારીઆની શાખામાં તિજોરી બંધ કરાતા ફાટેલી તૂટેલી નોટો બદલવાનું બંધ કર્યું છે. દર ગુરૂવારે વધારે બે થી ત્રણ હજારની નોટો બદલવા માટે ગ્રાહકો આવતા હશે. આટલી નાની રકમ સાચવવા માટે ભારે પડે છે કે પછી ગ્રાહકોથી ગ્રાહકો માટે ચાલતી એસ.બી.આઈ. શાખા ગ્રાહકોને સુવિધા કે છીનવી રહી છે. જેથી ગ્રાહકો દાહોદ અથવા ગોધરા બધા ગ્રાહકોના જઈ શકે વિધવા પેન્શનદારો ગ્રાહકોને આ સુવિધા મળવી જોઈએ. જેથી રીજીનીચલ મેનેજર આ અંગે સોચ વિચારણા કરી દે.બારીઆ શાખામાં ફાટેલી નોટો બદલી આપવાનું ચાલુ કરે તેવી માંગ ઉઠવા પામી છે.

# ઘોઘંબા APMC માં ચેરમેન વાઈસ ચેરમેન ની ચૂંટણી યોજાઈ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા માર્કેટિંગ યાર્ડ APMC ના ચેરમેન અને વાઈસ ચેરમેન ની મુદત પૂરી થતાં અને અગાઉ ના ચેરમેન બચુભાઈ પરમારનું છ મહિના અગાઉ મરણ થતા ખાલી જગ્યાઓ માટે આજરોજ ચૂંટણી ની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ચેરમેન તરીકે ઘોઘંબા ના સ્થાનિક આગેવાન મહેન્દ્રસિંહ મોતીસિંહ પરમાર અને વાઈસ ચેરમેન તરીકે માધવસિંહ ચૌહાણનો વિજય થતા ઉપસ્થિત કાર્યકરો અને આગેવાનો એ તેઓને ફુલહાર અને તાળીઓ ના ગડગડાટથી વધાવી લીધા હતા.

# ઝાલોદના ચાકલીયા ગામેથી સગીરાનું લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામેથી એક ૩૨ વર્ષીય યુવાને એક ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્ન કરવાને ઈરાદે અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ઝાલોદ તાલુકાના ગામડી ગામે રહેતો ૩૨ વર્ષીય રમેશભાઈ કલજીભાઈ નિસરતાએ ઝાલોદ તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂ ગત તા.૧૦ સપ્ટેમ્બરના રોજ સગીરાને ચાકલીયા ગામેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



લોકપ્રિય ગણાતા હતા. તેમની ૯૦ વર્ષે આયુષ્ય પૂર્ણ થતાં પ્રભુને ગમ્યું તે ખરૂં. દાદાના હુલામણા નામથી જાણીતા ચંદુદાદા એક સામાજીક નિષ્ઠાવાન કાર્ય કરતા હોવાથી સૌના દાદા તરીકે બોલાવતા હતા. નાનાપણથી જ સમાજ માટે ઉત્તમ પ્રદાન કરવાના પારિવારીક

દાહોદ જીલ્લાના પનાર ગામના સૌના હૃદયમાં બિરાજમાન શ્રી ચંદુભાઈ વરજનભાઈ વણઝારા બાવન ગામના સમાજના પ્રમુખ તરીકે લાંબી સેવા આપી હતી. ૯૦ વર્ષ સુધી સતત તેઓના હૃદયમાં સમાજ માટે તનમનથી સેવા કરવા માટે તત્પર રહીને ઘર કાંતો સમાજનો એકપણ વિવાદ બહાર કોર્ટ કચેરી સુધી ન જાય અને ગામનું પાણી ગામમાં કે ઘરનું પાણી ઘરમાં એ ન્યાય મુજબ સૌને ન્યાય આપવામાં ન્યાયાધીશ તરીકે એક સંસ્કારથી પ્રેરાઈને આજીવન લોક સેવાની ભેખધારી સ્વીકારી હતી અને રાત દિવસ પોતાનું આયખું ખુપાઈ દીધું હતું. નાનપણથી જ કડક સ્વભાવના કારણે પ્રત્યેક વ્યક્તિ પર નજર રાખીને સતત માર્ગદર્શન આપવાનો ગુણ હતો. પ્રભુને પ્યારા થનાર દાદાની ખોટ વણઝારા સમાજને વાગી રહી છે. સમગ્ર સમાજ તેઓને હૃદય પૂર્વક શ્રદ્ધાંજલી અર્પતતો હોવાનો રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા કોન્સ્ટેબલ સુરેશભાઈ વણઝારાએ દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

# ગોધરાના છબપુર ગામે નીલગીરીના ફાર્મમાં તીગરવાસનો યુવાન અગમ્યકારણોથી કુવામાં પડતાં મોત

ગોધરા,

ગોધરા તાલુકાના છબપુર ગામે નીલગીરી ફાર્મ હાઉસની પાછળ આવેલ કુવામાં ગોધરા તીરગરવાસમાં ૪૬ વર્ષીય યુવાનનો અગમ્યકારણોસર કુવામાં પડી જતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના છબનપુર ગામે આવેલ નીલગીરીના ફાર્મ હાઉસની પાછળ કુવામાં ગોધરા તીરગરવાસમાં રહેતા લક્ષ્મણભાઈ મણીલાલ પરમાર ઉ.વ.૪૬ જે કોઈ અગમ્યકારણોસર કુવામાં પડીને મરણ ગયેલ છે. આ બાબતે બી ડીવીઝન પોલસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 26

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

### અનેક વર્ષોની માંગણી બાદ

# ગોધરામાં રૂા.૩૨૫ કરોડની નવી મેડીકલ કોલેજની જાહેરાત

- શરૂઆતમાં ગોધરા સિવિલ હોસ્પિટલમાં કોલેજ તથા સારવાર કેન્દ્ર શરૂ થશે.
- ૩૦૦ પથારીની અદ્યતન સુવિધા દર્દીઓને પ્રાપ્ત થશે.
- મેરીટ આધારિત MBBS અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને સરળતાથી પ્રવેશ મળશે.
- અભ્યાસની સાથે સાથે સારવાર ઉપલબ્ધ થશે.
- ગોધરાની આસપાસ પાંચ જીલ્લા તેમજ રાજ્યને અડીને આવેલા એમ.પી. અને રાજસ્થાન ના દર્દીઓને સમયસર સારવાર મળવાની આશા.

ગોધરા,

જેમ ગોધરામાં મધ્ય ગુજરાત યુનિવર્સીટી સ્થાપી તેવી રીતે પાંચ જીલ્લાની મધ્યે એક મેડીકલ કોલેજ સ્થાપવા માટે વર્ષોથી માંગણી કરાઈ રહી હતી. અનેક સરકારો સમક્ષ સંસ્થાઓની રજૂઆત બાદ છેવટે ગોધરામાં ૩૦૦ પથારી બેઠકો ધરાવતી હોસ્પિટલ તથા કોલેજની રૂા.૩૨૫ કરોડ ફાળવવાની જાહેરાત કરાતા અસંખ્ય દર્દીઓ તથા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. પ્રથમ તબક્કામાં ગોધરા સિવિલ હોસ્પિટલમાં આ સુવિધા પ્રાપ્ત થનાર છે.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

પંચમહાલ જીલ્લો મધ્ય ગુજરાતમાં એકમાત્ર જીલ્લો આવેલો છે. આ જીલ્લાની ફરતે દાહોદ, મહિસાગર, છોટાઉદેપુર તથા અન્ય પાંચ જીલ્લાની વર્તુળમાં સમાવેશ થઈને ગરીબ સહિત વિવિધ વર્ગના લોકોનો સમાવેશ થાય છે. અને એકમાત્ર ગોધરા સિવિલ હોસ્પિટલ ઉપર આધાર રાખવો પડતો હતો. ત્યારે આ પંચમહાલ જીલ્લાના ગોધરા ત્રણ રાજ્યની સરહદમાંથી પસાર થવાથી રાત-દિવસ અનેક વાહનોની અવરજવર રહે છે. તેમાંય માર્ગ અકસ્માતમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થઈને જાન ગુમાવે છે. આવા સમયે ઈમરજન્સી લોકોને સારવાર માટે છેક વડોદરા એસ.એસ.જી હોસ્પિટલમાં દાખલ કરવાનો વારો આવે છે. વર્ષોથી આદિવાસી વિસ્તાર ધરાવતા ગોધરામાં મેડિકલ કોલેજ સ્થાપના માટે અવારનવાર માંગણી કરાઈ રહી હતી અને જો મધ્ય ગુજરાતના ગોધરામાં સરકારી રાહે ચાલતી મેડિકલ કોલેજની સ્થાપના કરવામાં આવે તો બુધ્ધિજીવી વિદ્યાર્થીઓ મેરીટ પ્રમાણે પ્રવેશ મેળવી શકે તથા ઈજાગ્રસ્ત દર્દીઓ પણ સમયસર સારવાર મેળવી શકે. તેવા હેતુથી સર્વ સુખાય સર્વતાય અર્થાત તમામ સુખી રહો તેવી હિન્દુની ભાવનાની ચરિતાર્થ થાય તેવા પ્રયત્નો હાથ ધરાઈ રહ્યા છે. જેના ભાગરૂપે કેન્દ્ર સરકારે દેશમાં મેડીકલ જ્યાં મેડીકલ કોલેજો નથી તેના માટે દરખાસ્તો મંગાવી હતી. જેમાં ગુજરાત સરકારે પાંચ જીલ્લામાં હયાત સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરીને મેડીકલ કોલેજો સ્થાપવા દરખાસ્ત મોકલી આપી હતી. જે પૈકી નર્મદા, નવસારી અને પોરબંદર જીલ્લામાં નવી મેડીકલ કોલેજો સ્થાપવાની કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. નાયબ મુખ્યમંત્રી નીતીન પટેલે કહ્યું હતું કે, ગોધરાની મેડીકલ કોલેજ માટે મંજૂરી મળતા ગુજરાતમાં હવે એમ.બી.બી.એસ. અભ્યાસ માટેની બેઠકોની સંખ્યા વધીને ૬૦૦૦ થી વધુ ઉપલબ્ધ બનશે. આ નિર્ણયથી આદિવાસી ક્ષેત્ર પંચમહાલ જીલ્લાના નાગરિકોને વધુ સારી આરોગ્ય સારવાર મળશે. આ કોલેજ ભારત સરકારના ૬૦ % લેખે રૂા.૧૯૫ કરોડ તથા રાજ્ય સરકારના ૪૦ % એટલે રૂા. ૧૪૦ કરોડ લેખે એમ મળીને કુલ રૂા.૩૨૫ કરોડના ખર્ચ કાર્યરત થશે. જેમાં ગોધરાની હયાત હોસ્પિટલોનું વૃધ્ધિકરણ કરીને ખૂટતા સાધનો તથા મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ધારાધોરણ મુજબની સગવડો ઉપલબ્ધ કરાવીને પ્રથમ તબક્કે ૩૦૦ પથારીની સુવિધા ઉપલબ્ધ થાય તેવી સરકારની જાહેરાતથી ત્રણ જીલ્લાના અસંખ્ય દર્દીઓમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ હતી.

## કાલોલ તાલુકાના નાનકડા ગામની પરણિતા એ પતિના લગ્નેત્તર સંબંધોને પગલે પરિણીતાએ અભયમની મદદ લીધી

કાલોલ,

પંચમહાલ જિલ્લાનમા કાલોલ તાલુકાના એક નાનકડા ગામમાં રહેતા પુરૂષના તેના મોટાભાઈની પત્ની સાથે લગ્નેત્તર સંબંધો બંધાયા હતા. જેઠાણી અને પતિ વચ્ચેના સંબંધોની જાણ થતાં પરિણીતા ચોંકી ઉઠી હતી અને આઘાતમાં સરી ગઈ હતી અને પતિ – પત્ની વચ્ચે સંબંધોમાં તણાવ ઉભો થયો હતો અને મહિલા મુશ્કેલીમાં મૂકાઇ ગઇ હતી. તેને શું કરવું તે સમજાતુ નહોતું . જેથી તેને ૧૮૧ અભયમ હેલ્પલાઇનની મદદ લેવાનું નક્કી કર્યું હતું અને તુરંત જ તેણે હેલ્પલાઇનમાં ફોન કરીને મદદ માંગી હતી. જેથી અભયમની ટીમ પરિણીતાના ઘરે પહોંચી ગઈ હતી અને દંપતી પાસે બેસીને સમગ્ર ઘટનાક્રમ જાણ્યો હતો. અભયમની ટીમે મહિલાના પતિનું કાઉન્સેલિંગ શરૂ કર્યું હતું અને તેમના આ સંબંધોને કારણે બે પરિવારનો નુકસાન થઇ રહ્યું હોવાથી મહિલાના પતિને ભાભી સાથેના સંબંધો પર પૂર્ણવિરામ મૂકવા માટેની સલાહ આપી હતી. કાઉન્સેલિંગ બાદ પતિને તેની ભૂલ સમજાઇ હતી અને ભવિષ્યમાં પત્નીને પરેશાન નહીં કરવાની ખાતરી અભયમની ટીમને આપી હતી. ત્યારબાદ સમગ્ર મામલે થાળે પડ્યો હતો અને અભયમની ટીમ ત્યાંથી રવાના થઇ હતી.


ગુજરાતના પનોતા પુત્ર એવા દિલ્હીના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિન નિમિતે ગોધરા નગરપાલિકાના વોર્ડ નં.૧માં ભાજપના સક્રિય આગેવાન મહામંત્રી રાકેશ વ્યાસ, સભ્ય સુનિલ લાલવાણી, સભ્ય હંસાબેન વાઘેલા અને સભ્ય સંતોષભાઈ ભુરીયા તથા ધારાસભ્ય સી.કે.રાઉલજીની ઉપસ્થિતીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજીત કર્યો હતો.

## ઘોઘંબા તાલુકાના ઝીંઝરી ગામ ના ખેડૂત ને MGVCL દ્વારા ૩૧૯૫૬૪ નું વીજ બીલ ફટકરાયું


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

મધ્ય ગુજરાત વીજ કંપની નો ગોટાળો ઝીંઝરી ગામના ગરીબ ખેડૂત ને આપ્યું ૩,૧૯,૫૬૪ નું વીજળીનું બીલ સામાન્ય પરિવાર ના અને માંડ એક વીંઘુ જમીન માં ખેતી કરી ગુજરાન ચલાવતા મયજી ભાઈ બારીયા ના પિતા ના નામે વીજળી નું મીટર છે. જેનું ગત જુલાઈ /ઓગસ્ટ ૨૦૨૦ નું વીજ વપરાશ નું બીલ અધધધ ૩,૧૯,૫૬૪ રૂપિયા એમ.જી. વી.સી.એલ. દ્વારા આપવામાં આવતા ગરીબ ખેડૂત ના પગ નીચે થી જમીન ખસી જાય તેવો આંચકો લાગ્યો છે. દેસાઈભાઈ ગમજીભાઈ બારીયાના નામે ચાલતા આ મીટરમાં ટેકનિકલી ખામીના કારણે આટલું મોટું બીલ આવ્યું હોવાનું લાગી રહ્યું છે. જેની જાણ ગ્રાહક દ્વારા ઘોઘંબા ઓફીસમાં લેખિત માં કરવામાં આવી છે અને ગ્રાહક ના મીટર ની લેબોરેટરી માં તપાસ કરવા માટે ગ્રાહક પાસે ફી ભરાવવામાં આવી છે જોકે લેબોરેટરી નો શું રિપોર્ટ આવશે તે તો નથી ખબર પરંતુ હાલ તો ગરીબ વ્યક્તિ આટલી મોટી રકમ નું બીલ મળતા ઘભરાઈ ગયા છે. ગ્રાહક નું કહેવું છે કે તેઓ નું રેગ્યુલર વપરાશ પ્રમાણે નું બીલ ચાર સો થી પાંચસો રૂપિયા ની વચ્ચે આવતું હતું પરંતુ લોકડાવન પછી આવેલા બીલ માં આટલી મોટી રકમ નું બીલ મળતા શુ કરવું તે સમજાતું નથી હાલ તો વીજ કંપની દ્વારા તેઓ નું બીલ રેગ્યુલર અને ખરેખર વપરાશ મુજબ નું કરી આપવામાં આવે તેવી માંગણી ગ્રાહક કરી રહ્યા છે.

## શહેરા ખાતે કોવિડ ટેસ્ટીંગ સેન્ટર શરૂ કરાયું : નગરજનોને ટેસ્ટીંગ માટે અપીલ

શહેરા,

શહેરા તાલુકા સેવાસદન ખાતે વેપારીઓ તેમજ નગરના અગ્રણીઓની બેઠક પ્રાન્ત અધિકારી જય બારોટના અધ્યક્ષ સ્થાને મળી હતી.જેમા કોરોનાની વધતી જતી પરિસ્થીતીને લઈને વધૂ કોરોના ટેસ્ટિંગ કરવા માટે અપીલ કરવામાં આવી હતી.નગર વિસ્તારમાં જૂની પાનમ વિભાગની ઓફીસ અને નગરપાલિકાની જુની ઓફીસ ખાતે કોવીડ ટેસ્ટ સેન્ટર નવીન શરૂ કરવામાં આવ્યા છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરામા હાહાકાર મચાવનાર કોરોના નીમહામારી ઘટવાની જગ્યાએપોઝીટીવ કેસોની સંખ્યા દિનપ્રતિદીન વધી રહી છે. જિલ્લામાં કોરોના ના પોઝીટીવ કેસોની સંખ્યા ૨૦૦૦ના આંકને પાર થયો છે.ત્યારે નગર અને ગ્રામીણ વિસ્તારમા કોરોના કેસો સતત નોઘાઇ રહયા છે.કોરોના ના સંક્રમણને રોકવા તાલુકા સેવાસદન ખાતે પ્રાન્ત અધિકારી જય બારોટ અને મામલતદાર મેહુલ ભરવાડ અને તાલુકા આરોગ્ય અધિકારી ભરત ભાઈ ગઢવી તેમજ નગર પાલિકા ના ચીફ ઓફિસર અર્જુન ભાઈ પટેલ ની ઉપસ્થિતીમાં એક બેઠક નુ આયોજન કરેલ હતુ.જેમાં નગરના અગ્રણી વેપારીઓ અને હિન્દુ મૂસ્લિમ ધર્મગુરૂઓ તેમજ નગરના અગ્રણીઓ હાજર રહ્યા હતા.ઉપસ્થિત બેઠકમા નગર અને તાલૂકામાં કોરોનાની પરિસ્થિતિને ચર્ચા કરવામા આવી સાથે ધંધા-રોજગાર કરતા નાના મોટા વેપારીઓ અને નગરજનોએ સામેથી કોરોના ટેસ્ટ કરાવી લેવા માટે ખાસ અપીલ કરવામા આવી હતી. નગર વિસ્તાર મા આવેલ સિંધી ચોકડી પાસે જૂની પાનમ વિભાગની કચેરી તેમજ જુની નગરપાલિકા કચેરી ખાતે કોવિડ ટેસ્ટિંગ સેન્ટર નવીન શરૂ કરવામા આવ્યા છે. સ્થાનિક વહીવટીતંત્ર હવે કોરોના નુ સંક્રમણ વધે નહીં તે માટે કોવિડ ૧૯ના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા માટે એક્શન મા આવે તે અત્યંત જરૂરી લાગી રહયુ છે.

## કરાડ ડેમ પાછા ઓવરફ્લો થવાની સાંભવનાઓ ને જોતા કાંઠા ના ગામો ને સાવધ કરાયા



ઘોઘંબા,

ઘોઘંબા ના પાલ્લા ખાતે આવેલ કરાડ ડેમ માં હાલ માં નેવું ટકા જેટલું સરેરાશ પાણી ની આવક થઈ છે અને હજી ડેમ ના સ્ત્રાવ વિસ્તારમાં વરસાદ ચાલુ હોવાથી આવતી કાલ સુધી ડેમ છલકાઈ શકે તેવી સાંભવનાઓ ને જોતા ડેમ સત્તાધીશો દ્વારા હાઈ એલર્ટ જાહેર કરી ઘોઘંબા તાલુકાના ઓગણીસ જેટલા ગામો તથા હાલોલ અને કાલોલ તાલુકાના સોળ જેટલા ગામો ને સાવચેત કરવામાં આવ્યા છે અને લોકો ને ડેમ ના સ્ત્રાવ વિસ્તારમાં અવરજવર કરવા પર પ્રતિબંધ મૂક્યો છે તેમજ વાહન કે ઢોર ઢાખર ના પ્રવેશ માટે મનાઈ ફરમાવી છે અને લોકો ને સાવચેત કરવામાં આવ્યા છે હાલ ડેમ ની સપાટી૧૩૯ મીટર છે.

## શહેરા તાલુકાની સરકારી કચેરીઓના અધિકારી અને કર્મચારીઓના કોવિડ ટેસ્ટ નેગેટીવ આવ્યા

શહેરા,

શહેરા તાલુકા સેવા સદન કચેરી ખાતે મામલતદાર અને પ્રાંત કચેરી સહિત અને કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓનો કોવિડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આરોગ્ય વિભાગ દ્વારા કોવિડ ૧૯ કરવામાં આવેલ ટેસ્ટમાં પ્રાંત અધિકારી , મામલતદાર સહિત તમામ કર્મચારીઓના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા.

શહેરા તાલુકામાં કોરોના ના કહેર વચ્ચે મામલતદાર, પ્રાંત કચેરી તેમજ અન્ય કચેરીનો સ્ટાફ પોતાની ફરજ બજાવી આવી રહયો છે.સ્થાનિક તાલુકા આરોગ્ય વિભાગ અધિકારી ભરતભાઈ ગઢવી અને તેમની ટીમ દ્વારા તાલુકા સેવા સદન ખાતે કોવીડ ૧૯ ના ટેસ્ટ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતુ.જેમાં પ્રાંત અધિકારી જય ભાઈ બારોટ , મામલતદાર મેહુલ ભાઈ ભરવાડ સહિત ના કર્મચારીઓનો કોરોના નો ટેસ્ટ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કરવામાં આવ્યો હતો. સાથે અહીં તાલુકા મથકની અન્ય મુખ્ય કચેરી ના અધિકારી સહિતના કર્મચારીઓનો કોવિડ ૧૯રેપિડ ટેસ્ટ થકી રિપોર્ટ કરાયો હતો. આરોગ્ય વિભાગ દ્વારા તાલુકા સેવા સદન ખાતે અધિકારીઓ સહિતના તમામ કર્મચારીઓ નો કોવિડ ૧૯ ના રિપોર્ટ નેગેટીવ આવ્યા હતા. જ્યારે પ્રાંત અધિકારી જય બારોટ એ અમે કોવિડ ૧૯ નો ટેસ્ટ સામે ચાલીને કરાવ્યો છે. તેમ તાલુકાના પ્રજાજનો પણ તાલુકા મથક ની મુખ્ય રેફરલ હોસ્પિટલ માં આવેલ કોવિડ ૧૯ સેન્ટર ખાતે જઈને કોવિડ ૧૯નો ટેસ્ટ અવશ્ય કરાવે તેવી આશા રાખી રહયા છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૦૮૧ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૫ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૦૮૧ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૦૭, હાલોલ-૦૯, કાલોલ-૦૮,શહેરા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૩૧ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૩૧.
- મૃત્યુ આંક - ૧૦૨.

### પંચમહાલ જીલ્લામાં આજે આવેલ પોઝીટીવ કેસ

ગોધરા-૦૭, હાલોલ-૦૯, કાલોલ-૦૮,શહેરા-૦૧

-: ગોધરા :-

જયેશકુમાર કાંતિલાલ દેસાઈ-૪૭ વર્ષીય પુરૂષ-અમરદીપ સોસા.,સુંદરલાલ કિશનભાઈ ચૌહાણ-૩૩ વર્ષીય પુરૂષ-જુના કલ્યાણા, મહેન્દ્રસિંહ માધવસિંહ સોલંકી-૫૫ વર્ષીય પુરૂષ-૮૭ મારૂતી નગર,જશોદાબેન બળવંતસિંહ ચૌહાણ-૫૫ વર્ષીય મહિલા-૮૭ મારૂતીનગર સોસા., બીપીનચંદ્ર ચંદ્રશંકર ત્રિવેદી-૮૩ વર્ષીય પુરૂષ-૯ પ્રભાકુંજ સોસા., વિભા હર્ષદ દેસાઈ-૫૮ વર્ષીય મહિલા-૨૫ આનંદ નગર યોગેશ્વર રોડ, દિનેશ લક્ષ્મણ ગાંધી-૫૩ વર્ષીય પુરૂષ-બહારપુરા.

-: કાલોલ :-

અશ્વિનભાઈ રમેશભાઈ બારીઆ-૨૩ વર્ષીય પુરૂષ-કાછીઆવાડ,હિતેશકુમા ભીખાલાલ શાહ-૫૦ વર્ષીય પુરૂષ-મહાદેવ ફળીયા, જીનેશ ઈન્દ્રવદન મજમુદાર-૪૧ વર્ષીય પુરૂષ-નવાપુરા,ભાવેશભાઈ રામાભાઈ પટેલ-૪૫ વર્ષીય પુરૂષ-કાછીઆની વાડી, જીતેન્દ્ર ચંદુભાઈ પરમાર-૫૫ વર્ષીય પુરૂષ-ક્રિષ્ણા નગર,હરીશભાઈ રમણભાઈ વરીઆ-૪૩ વર્ષીય પુરૂષ-કુંભારવાડા, ગોપાલસિંહ ટી. સોંલકી-૩૮ વર્ષીય પુરૂષ-ખરસાલીયા.

-: હાલોલ :-

દર્શીલ લક્ષ્મણ ગાંધી-૨૦ વર્ષીય પુરૂષ-રબારી ફળીયા, અદિનાથ રામચંદ્ર પીલ્લી-૧૫ વર્ષીય પુરૂષ-કંજરી રોડ, સોનલ રાકેશ શાહ-૫૦ વર્ષીય મહિલા-પારેખ ફળીયા, રાજેશ અરવિંદ શાહ-૫૧ વર્ષીય પુરૂષ-કુલાભાઈ પાર્ક, વિરેન્દ્ર રામશેન જાદવ-૨૮ વર્ષીય પુરૂષ-હાલોલ, રામશેન નરવતભાઈ જાદવ-૫૫ વર્ષીય પુરૂષ-હાલોલ, પ્રવિણભાઈ રામશેન જાદવ-૨૮ વર્ષીય પુરૂષ- હાલોલ, જગદીશ ચૌહાણ-૪૦ વર્ષીય પુરૂષ-કંજરી રોડ, કલરવ સ્કુલ પાસે, ક્રિષ્ણા મેનજર શર્મા-૬૦ વર્ષીય મહિલા- ઈન્દ્રપ્રસ્થ.

-: શહેરા :-

સંજયકુમાર બાબરસિંહ પટેલ-૪૫ વર્ષીય પુરૂષ-ઉજડા.

## વર્ષ ૨૦૧૫ના ટેટ-૦૨ પરીક્ષા પાસ કરેલ શિક્ષકોના રીઝલ્ટની માન્યતા અવધીમાં વધારો કરી આપવા ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

ગોધરા,

વિશ્વ મહામારીના કપરા સમયમાં ચારે બાજુ આર્થિક સંકડામણનું વાતાવરણ સર્જાયું છે. ત્યારે વર્ષ ૨૦૧૫મા ટેટની પરીક્ષા પાસ કરેલ ગુણવત્તા યુકત શિક્ષકોના ટેટના રીઝલ્ટની માન્યતા અવધીમાં એક વર્ષનો વધારો કરી આપવા ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા મુખ્ય મંત્રી વિજય ભાઈ રૂપાણી ને રજૂઆત કરવામાં આવી છે.

ગુજરાત પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ધોરણ ૦૬થી ૦૮ માટે સરકારી શાળાઓમાં શિક્ષકોની ભરતી કરવામાં આવે છે. જેમાં ટેટ-૦૨ની પરીક્ષા ફરજિયાત પાસ હોય તેવા જ એમ.એ. બી.એડ. કે બી.એ.બી.એડ. શિક્ષકો આ ભરતી પ્રક્રિયામાં પોતાની ઉમેદવારી નોંધાવી સરકારી શિક્ષક તરીકે મેરીટના આધારે નોકરી મેળવી શકે છે અને જો આ શિક્ષકો પાસે ટેટની પરીક્ષા પાસ ન હોય તો તેઓ વિદ્યાસહાયક ભરતીમાં પોતાની ઉમેદવારી નોંધાવી શકતા નથી જેથી અહીં સ્પષ્ટ થાય છે કે ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૧થી ટેટ ૦૨ પરીક્ષાના અમલી કરણ કરી સરકારી શાળાઓમાં બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળે અને ગુજરાતના બાળકોને સારૂ શિક્ષણ મળે જે હેતુથી આ ટેટની પરીક્ષા ફરજિયાત કરવામાં આવી હતી.

જે ખરેખર એક રીતે જોઈએ તો આ ટેટની પરીક્ષાના આધારે સરકારી શાળાઓમાં સારામાં સારા ગુણવત્તા સભર યુક્ત શિક્ષકો આવી બાળકોના શિક્ષણના સ્તરને ઉચું લાવી રહ્યા છે. આ ટેટની પરીક્ષા પાસ કરવી ખૂબ જ મુશ્કેલ હોય અને તેનો એક પડકાર એ પણ છે કે આ ટેટના રીઝલ્ટની માન્યતા અવધી પાંચ વર્ષની હોય છે . જો ટેટના રીઝલ્ટના પાંચ વર્ષ પૂર્ણ થઇ જાય તો આ ટેટનુ રીઝલ્ટ સરકારી વિદ્યાસહાયક ભરતી માટે માન્ય રહેતું નથી અને આટલી સખત મહેનત,સમય અને પૈસા ખર્ચી શિક્ષક પરસેવો પાડી સરકારી શિક્ષક તરીકે નોકરીની આશાઓ લઇ રાત દિવસ એક કરી આ ટેટની પરીક્ષા પાસ કરી પોતાના ઉજળા ભવિષ્યના સપના સેવતો હોય અને ત્યારે આમને આમ સરકારના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા સમયસર અને પૂરતા પ્રમાણમાં સરકારી વિદ્યાસહાયક ભરતી ન થતા ગુજરાતના હજારો ટેટ પાસ ગુણવત્તા યુકત શિક્ષકોનુ ભાવિ જોખમમાં મૂકાય તેવી સ્થિતિ સર્જાઇ છે.

જેથી હાલ વિશ્વ મહામારીના કપરા સમયે ગુજરાતની રૂપાણી સરકારે અન્ય ક્ષેત્રોમાં જનમાનસને ઓછાવત્તા અંશે રાહત થાય તેવા પ્રયાસો કર્યા છે ત્યારે ખરેખર વર્ષ૨૦૧૫ના ટેટ- ૦૨ પાસ શિક્ષકોના રીઝલ્ટની માન્યતા અવધી આવતા મહિનામાં એટલે કે ઓક્ટોબર માસમા પૂર્ણ થતાં તેમનું ભાવી અંધકારમય ન બને તે માટે સરકારે આ બાબતને ગંભીરતાથી લઇ ટેટના રીઝલ્ટની માન્યતા અવધી માં એક વર્ષનો વધારો કરી આપવા યોગ્ય પગલાં લઇ હજારો ટેટ પાસ શિક્ષકોને આવનાર સમયમાં રોજગારીની તક મળે તેવા પ્રયાસ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.